C.C. No. 15216/2019

'::  આંક –૧ નીચે હુકમ  :–

૧. આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–269, 114 ના ગુના નો આરોપ છે, સદર કામ નું ચાર્જસીટ  તારીખ **19/10/2019** ના રોજ રજુ કરવામાં આવેલ છે.

૨. રેકર્ડ અને પ્રોસીડીગ્સ જોતાં આરોપીને પ્રોસેસ કાઢવા છતાં અને પોલીસ મશીનરીને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસની અસરકારક બજવણી કરવામાં પોલીસ મશીનરી સદંતર નિષ્ફળ ગયેલ છે. સદર કામે આરોપી સામેના આક્ષેપો ધ્યાને લેતા  સમન્સ ટ્રાયબલ ગુનો છે, અને સદર ચાર્જસીટ  ફરીયાદ સિવાય દાખલ કરવામાં આવેલ છે, જે સંજોગો જોતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને રાજય ના અધિકારીઓનો કીંમતી સમય બગડે છે.

*3.* ઉપર મુજબ ની હકીકત ધ્યાને લેતા  સમન્સ કેસ કે જે ખાનગી ફરીયાદ સિવાય દાખલ કરવામાં આવેલ હોય તે કેસ  ક્રિ.પ્રો. કોડ ની કલમ ૨૫૮ મુજબ બંધ કરી શકે છે, તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડ ના પ્રકરણ ૨૦ માં જણાવવામાં આવેલ રીત મુજબ સમન્સ કેસ ચલાવવાના હોય છે અને તે મુજબ સમન્સ કેસ ના નિકાલ કરવાના હોય છે.  આમ પ્રકરણ ૨૦ હેઠળ ચલાવવા પાત્ર કેસો માં  ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૮ નો ઉપયોગ કરી શકાયછે. હાલના કામે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ– ૨૬૯ ની સજાની જોગવાઈ  ધ્યાને લેતા તેમજ હાલનો કેસ એક વર્ષથી વધુ સમયથી પડત હોય, સદર કેસ આગળ ચલાવવા માટે પેન્ડીગ રાખવો તે કોર્ટ નો સમય તેમજ રાજય ના અધિકારી ના સમય ના બગાડ કરવા બરાબર જણાય આવે છે તે અન્વયે સદર કેસ નુ પ્રોસીડીગ આ તબકકે અટકાવી દેવું ન્યાયોચીત જણાય આવે છે , વધુ માં સદર કામે  મહત્વ નો કોઈ પુરાવો પણ લેવામાં આવેલ ન હોય તે અન્વયે આરોપી ને નિર્દોષ ઠરાવી શકાય નહી, તે અન્વયે તમામ બાબતો ધ્યાને લેતા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

– :: હુ ક મ:: –

ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી આરોપીને  ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગની અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.09.09.2023

સ્થળ:–  Rajkot

**(મેહુલ  ગીરીશભાઈ શાહ)**
Judge Code-GJ 00962
૮માં  એડી.ચીફ જયુડી.મેજી.,
Rajkot